# સદ્ગુરુ ઉપાસના

(Gujarati)



Scanned with CamScanner









## ધ્યાનમંત્ર

પદ્માસીનમ્ શ્યામવર્ણમ્ સહસ્ત્રશીર્ષમ્ શુભાંગમ્ ।
સહસ્ત્રાક્ષમ્ સર્વરૂપમ્ મનઃસામર્થ્યદાયકમ્ ।
પાપતાપહરં શાંતમ્ અભયમુદ્રાધારિણમ્ ।
ભક્તપ્રિયમ્ સૌમ્યરૂપમ્ અનિરુદ્ધમ્ નમામ્યહમ્ ॥
ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ ।
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ॥

## જપ

॥ ૐ મનઃસામર્થ્યદાતા શ્રી અનિરુદ્ધાય નમઃ ॥
(શ્રી સદ્‌ગુરુસિદ્ધ તારક મંત્ર)
જપ સંખ્યા : ૨૪, ૩૬, ૫૪, ૧૦૮, નિત્યસ્મરણ



Scanned with CamScanner



# શ્રી અનિરુદ્ધ મહિમા

અનિરુદ્ધે જેની બુદ્ધિ સ્થિર ।
તેને કેમ ત્રાસ દુસ્તર ।
દર્શને સહજ હરશે ફિકર ।
પ્રખર ભોગનો થાય નાશ ॥

વ્યાપકત્વ એવુ અનંત ।
ક્યાંય હોય થોડુ એકાંત ।
અથવા હોય જો લોકાંત ।
જાણે છે સર્વનો મર્મ ॥

માત્ર એક દૃષ્ટીપાત ।
ક્ષણમાં થાય પાપનાશ ।
ટળે જન્મોના દુરિત ।
ભસ્મ કુકર્મના પુંજો ॥







ન એકે શબ્દ ઉચ્ચારતા ।
ન આશિષ સ્પર્શ કરતા ।
આપે અર્થ પૂર્ણ ચરિતા ।
કૃપા સરિતા અનિરુદ્ધની ॥

કરવા માનવોદ્ધાર ।
પ્રગટ્યા આ ધરતી પર ।
સગુણરૂપ પુર્ણાવતાર ।
સર્વ ભક્તોના આધાર ॥

ક્રમે ચોર્યાશી લક્ષ યોની ।
સર્વ ફરીને પામે માનવયોની ।
અનિરુદ્ધ ચરણ સ્પર્શ પામી ।
કૃતાર્થ જીવન પામે છે ॥

વદે એક એ નિત્ય સુણજો ।
સંસાર સદા ધર્મ માર્ગે અનુસરજો ।
પ્રેમથી જન્મ સાર્થક કરજો ।
જાગૃત રહેજો નામસ્મરણમાં ॥





Scanned with CamScanner





આનંદનો આ મહાસાગર ।
પ્રેમકૃપા અપરંપાર ।
કરશે રક્ષણ નિરંતર ।
કૈવલ્ય અપાર દર્શાવે ॥

ન હોય પૂર્વ પુણ્ય જરાયે ।
તો પણ જે આ ચરણ ધરે ।
અનિરુદ્ધ અનિરુદ્ધ સદા વદે ।
સહજતાથી માર્ગ પામે ॥

ન હોય શ્રદ્ધા ન હોય ભક્તિ ।
વહે ગુણી સદા અજ્ઞાનની ।
સહસા આ ચરણે પડે દ્રષ્ટિ ।
તેની પણ કરે રક્ષા સંકટે ॥

કરો શ્રમ, પાડો પ્રસ્વેદ ।
લો સદા હરિગુરુનામ ।
આ જ છે શ્રેષ્ઠ નિયમ ।
સદા ઉચ્ચારી એ કહે છે ॥







પ્રત્યેક ઇચ્છે મન સમર્થ ।
થયા સર્વ પ્રયત્નો વ્યર્થ ।
અનિરુદ્ધનું વચન તદર્થ ।
સદા સ્મરો હૃદયે ॥

તું અને હું એક થઇને ।
અશક્ય એવું કંઇ નથી રે ।
આપે ખાતરી મુક્ત કંઠે ।
રાજાધિરાજ અનિરુદ્ધ ॥

સર્વ શક્તિનું મૂળ છે માનસી ।
પામે સમર્થતા ન એ કદી ।
સ્મર અનિરુદ્ધના મહાવાક્યને ।
સામર્થ્યદાતા આ જ છે ॥

આજ્ઞાપાલન સેવા નિયમન ।
નામસંકીર્તન અધિધ્યાસન ।
આ જ જાણો તપ સાધન ।
સુગમ સંપન્ન સહજ ॥



Scanned with CamScanner





શ્રદ્ધા રાખવી પૂર્ણ ।
મન કરવું નિર્મળ ।
સેવા કરવી સકળ ।
સંસાર સમૃદ્ધ જાણો ॥

ન છોડાવે ગૃહસંસાર ।
ન છોડાવે ઘરબાર ।
તો યે પામીએ પરમાર્થ ।
અનિરુદ્ધ નામે ॥

અર્થ અનર્થ હું ન જાણું ।
યોગ્ય અયોગ્ન ન ઓળખું ।
ચરણ તમારા ધરું હું ।
સંભાળી લેજો હવે ॥

નથી જોઇતું ગ્રંથજ્ઞાન ।
ન મને ખપે માનસન્માન ।
દશેન્દ્રિય અગિયારમું મન ।
કરું છું અર્પણ તવચરણે ॥








જે જે મુજ માટે ઉચિત ।
તે જ તું આપશે નિશ્ચિત ।
એ હું નક્કી જાણું માત્ર ।
ન કોઇ તકરાર રાઘવા ॥

અરે દેવા સદ્ગુરુરાયા ।
આનંદઘના નિરામયા ।
સગુણ બ્રહ્મ ભક્તસખા ।
પાહિમામ્ પાહિમામ્ ॥

॥ હરિ ૐ ॥





Scanned with CamScanner



## ક્લેશનિવારક શ્રી અનિરુદ્ધ કવચ

શ્રી ગણેશાય નમઃ ।
ૐ અસ્ય ક્લેશનિવારક શ્રી અનિરુદ્ધ સ્તોત્રમંત્રસ્ય ।
પ્રધુમ્ન ઋષીઃ ।
શ્રી ગાયત્રી અનુષ્ટુપ છંદઃ । શ્રી પૂર્ણાવતાર ।
શ્રી કૃષ્ણ ચતુષ્ટય દેવતા ।
ૐ હરિ ૐ । ૐ નમો નમઃ ।

**અથ ધ્યાનમ્**

કૃષ્ણનીલં મહાબાહું, સ્નિગ્ધચક્ષું ચંદ્રાનનમ્ ।
વિશાલપીનવક્ષં ચ, સકલ ક્લેશનિવારકમ્ ।
વામહસ્તેન વરદં, દક્ષિણેન દિગ્દર્શકમ્ ।
વામપાદેન અચલં, દક્ષિણેન ગતિકારમ્ ।
નિત્યાનંદં નરસિંહં, જ્ઞાનભક્તોપદેશકમ્ ।
મુક્તિપ્રદં સર્વરૂપં , ભુક્તિપ્રદં સર્વકામદમ્ ।
સુરાધ્ક્ષં કરુણારસપૂરપૂરિતાંગમ્ ।
જયંતં નયન્તં, નમઃ પુંડરિકાક્ષમ્ ।
ન અર્ચનં ન મંત્રં, ન જાનામી સ્તુતિઃ ।







ન ધ્યાનં ન દાનં, ન ચ જાનામિ ભક્તિઃ ।
ન જાને યોગઃ, ન ચ જાને જપતપઃ ।
પરં જાને અનિરુદ્ધ તવ અનુસરણં ક્લેશહરણમ્ ।
દેહો મે અનિરુદ્ધઃ પાતુ ।
મનરક્ષક પૂર્ણપુરુષઃ ।
બુદ્ધિં પાતુ ગોપાલકઃ ।
ભક્તિં નીલમેધાવભાસઃ ।
પુરુષાર્થે શ્રીયાશ્લિષ્ટઃ ।
આરોગ્યં ઉચિતાચાર સુખદઃ ।
વિના યસ્ય ધ્યાનં ન ધર્મં ન અર્થમ્ ।
વિના યસ્ય જ્ઞાનં ન કામં ન મોક્ષમ્ ।
વિના યસ્ય નામં ન જયં ન વિજયમ્ ।
વિના યસ્ય સ્મરણં ન ભુક્તિઃ ન મુક્તિઃ ।
શરણ્યં શરણ્યં શ્રી અનિરુદ્ધમ્
શરણ્યં શરણ્યં મમ ઇષ્ટ દેવમ્ ।
ૐ નમો ભગવતે વાસુદેવાય , શ્રી કૃષ્ણાય,
શંખચક્રગદાપદ્મધરાય સ્વાહા ।



Scanned with CamScanner



ૐ નમો ભગવતે સંકર્ષણાય, શ્રી શેષાય,
સર્વમંગલાય સ્વાહા ।
ૐ નમો ભગવતે પ્રદ્યુમ્નાય, શ્રી કામદેવાય,
બુદ્ધિરક્ષકાય સ્વાહા ।
ૐ નમો ભગવતે અનિરુદ્ધાય,
શ્રી પુરુષોત્તમાય,
મનસિદ્ધાય, ક્લેશનિવારકાય સ્વાહા ।

ૐ મહામત્સ્યાય નમઃ ।
ૐ હરિકૂર્માય નમઃ ।
ૐ આદિવરાહાય નમઃ ।
ૐ નરસિંહાય નમઃ ।
ૐ બટુવામનાય નમઃ ।
ૐ ભૃગુરાજ પરશુરામાય નમઃ ।
ૐ રામાય રામભદ્રાય રામચંદ્રાય નમ : ।
ૐ કૃષ્ણાય વાસુદેવાય અનિરુદ્ધાય નમઃ ।
ૐ બુદ્ધાય પાંડુરંગાય હૃષિકેશાય નમઃ
ૐ અનિરુદ્ધાય પૂર્ણપુરુષાય નમો નમઃ ॥
॥ હરિ ૐ ॥







# ફળશ્રુતિ

કરતા અનિરુદ્ધ સ્મરણ,
મળે મનઃ સામર્થ્ય ।
થાય શત્રુનો નાશ,
ધનવૃદ્ધિ થાય છે ॥ ૧ ॥

અકસ્માત ભય જાય,
ટળે અકાળ મરણ ।
મદદ થાય સંકટે,
મળે આધાર મનને ॥ ૨ ॥

કરે બાળકનુ સંરક્ષણ,
કોઇની ન લાગે નજર ।
વિદ્યાર્થીને વિદ્યાજય ,
પ્રયત્નફળ મળે છે ॥ ૩ ॥



Scanned with CamScanner





પિશાચ એમનાથી ડરે,
નાસે ઘર છોડીને ।
મંત્રતંત્ર મેલીવિદ્યા,
નાશ પામે શ્રી કૃપાથી ॥ ૪ ॥

પુરુષ પામે પુરુષબળ,
સ્ત્રીને મળે માતૃબળ ।
બાળકને આરોગ્યબળ,
થાય પ્રાપ્ત એમનાથી ॥ ૫ ॥

અનેક પ્રયત્નો કર્યા છતાં,
એ તો સર્વ વ્યર્થ થયા,
અનિરુદ્ધ નામ ધરતા,
સુખો સર્વે મેળવ્યા ॥ ૬ ॥

બહુ શરીરને કષ્ટવ્યું,
મન મારુ થાકી ગયું ।
અનિરુદ્ધ ચરણ સેવતા,
થાય વિશ્રાંત સર્વથા ॥ ૭ ॥

શુભમ્ ભવતુ । શુભમ્ ભવતુ । શુભમ્ ભવતુ ।





## સુચિતદાદા આરતી



અનિરુદ્ધ ઉપાસના

કોણ છે રે તું કહે મને, કોણ છે રે તું કહે મને,
આરતી કરુ, ફુરવંડી કરુ
સુચિતદા ભક્તિ જરા દયો જરા ॥ ધૃ ॥ કોણ છે રે ...
કાળ કહે જગને, જન્મોજન્મે સખા ,
પૂર્ણ બંધુ એવો આ ખરો ॥ ૧ ॥ કોણ છે રે ...
કદી થાય મોટો, ક્યારેક થાય નાનો,
કદી નિર્જીવ દંડ બને ॥ ૨ ॥ કોણ છે રે...
બાપુ દે છે છાયા, સર્વસ્વ જગને,
છત્ર ધરે છે તુ બાપુ શિરે ॥ ૩ ॥ કોણ છે રે ...
બાપુ લે છે નિંદ્રા, માતા લાવે તંદ્રા,
તું તો ડોલે છે ક્ષણોક્ષણે ॥ ૪ ॥ કોણ છે રે...
ઓળખ્યો રે તને, ખાત્રી થઇ મને,
તુ જ વિશેષ ક્ષેમરૂપે ॥ ૫ ॥ કોણ છે રે ...

ફુરવંડી - સંપૂર્ણ શરણાગતી, Total surrender,
પંચપ્રાણ નિચ્છાવર કરવા



Scanned with CamScanner



## નંદામાતા આરતી

ઓવાળુ આરતી નંદે અનિરુદ્ધપ્રિયે ,
નંદે અનિરુદ્ધ પ્રિયે ।
પતિપ્રેમની મૂળ રાગિણી, પતિપ્રેમની મૂળ રાગિણી,
અવિરત સુખ વર દે ॥ ધૃ ॥
અનિરુદ્ધની શક્તિ નંદા અવતરી જગમાં
નંદા અવતરી જગમાં ।
મનબુદ્ધિના દીપ કરીને, મનબુદ્ધિના દીપ કરીને ,
ઓવાળુ આરતી ॥ ૧ ॥

ઓવાળતા મન મારું સ્થિર બન્યું,
મન સ્થિર બન્યું ।
કોટિ તારલાની, કોટિ તારલાની
શોભા છે તારા ચરણે ॥ ૨ ॥

શુભાશુભ બંને નમે કર જોડીને,
નમે કર જોડીને ।
પ્રારબ્ધની વિશાળ ભીંત, પ્રારબ્ધની
વિશાળ ભીંત,તુ જ તોડશે ॥ ૩ ॥





હરિ મારો છે ભોળોભાળો તારો આજ્ઞાંકિત,
હરિ તારો આજ્ઞાંકિત ।
આલ્હાદિની તુ રાધા, આલ્હાદિની તુ રાધા,
રખમા વામાંગી સુંદર ॥૪ ॥

તારી છાયામાં અમને કમી કંઇ નથી,
અમને કમી કંઇ નથી ।
કષ્ટ અમારા સર્યા, કષ્ટ અમારા સર્યા,
સુખી થયા સંસારમાં ॥ ૫ ॥

## આરતી અનિરુદ્ધા

આરતી અનિરુદ્ધા , પ્રભુ પૂર્ણબ્રહ્મ શુદ્ધા
પ્રભુ પૂર્ણબ્રહ્મ શુદ્ધા ।
કૃપા નજર સુખદાયી, કૃપા નજર સુખદાયી ,
મજ પૂર્ણાનંદા । ૐ જય જય અનિરુદ્ધા ॥ ધૃ ॥

દૂર કરી અજ્ઞાન પ્રભુ તુ પ્રગટાવે છે જ્ઞાન,
પ્રભુ પ્રગટાવે છે જ્ઞાન ।
પાપ શુદ્ધિનો માર્ગ બતાવી, પાપ શુદ્ધિનો માર્ગ બતાવી,
નષ્ટ કરે છે ભોગ । ૐ જય જય ... ॥ ૧ ॥



Scanned with CamScanner



ભક્તિરસનો સર્જનહાર તુ, પ્રગટ થયો છે રામ,
પ્રભુ પ્રગટ થયો છે રામ ।
સદ્ધર્મના બાણ છોડીને, સદ્ધર્મના બાણ છોડીને,
મારે તુ કલિકાળ । ૐ જય જય ...।। ૨ ।।

સ્વયં પ્રકાશી સ્વયં તેજ તુ ઘનશ્યામ કૃષ્ણ,
પ્રભુ ઘનશ્યામ કૃષ્ણ । અસંખ્ય ક્રીડા લીલા કરીને,
અસંખ્ય ક્રીડા લીલા કરીને,
પૂર્ણ કરે સત્કામ । ૐ જય જય ...।। ૩ ।।

અફાટ શક્તિ પૂર્ણ પુરુષ તુ, આપે પુરુષાર્થા,
પ્રભુ આપે પુરુષાર્થા । તવ ચરણોમાં ભાવ અર્પીનિ,
તવ ચરણોમાં ભાવ અર્પીનિ,
અમે થયા તારા । ૐ જય જય ...।। ૪ ।।

## આરતી હિંદીમાં

ૐ જય અનિરુદ્ધ પ્રભો, તુમ સગુણ પરબ્રહ્મ હો,
તુમ સગુણ પરબ્રહ્મ હો,
મૈં તેરા તુ મેરા, મૈં તેરા તુ મેરા,
ભાન યહી દ્રઢ હો । ૐ જય અનિરુદ્ધ પ્રભો ।। ધૃ ।।







તુમ વેદો કે વેદ હો , તુમ હો પ્રણવ કે પ્રાણ,
બાપુ તુમ હો પ્રણવ કે પ્રાણ,
ઐસી કૃપા હો મુજ પર , ઐસી કૃપા હો મુજ પર,
મિટ જાયે અજ્ઞાન ।। ૧ ।। ૐ જય અનિરુદ્ધ પ્રભો..

જનમ જનમ કા નાતા, હૈ તેરા મેરા,
બાપુ હૈ તેરા મેરા,
યાદ રહા પ્રભુ તુમકો, યાદ રહા પ્રભુ તુમકો,
મૈં ભૂલા બિસરા ।। ૨ ।। ૐ જય અનિરુદ્ધ પ્રભો

સદ્ગુરુ તેરી ઇચ્છા હો તો જનમ લૂં મૈં સૌ બાર,
બાપુ જનમ લૂં મૈં સૌ બાર,
હો હર જનમ મેં તેરી , હો હર જનમ મેં તેરી,
ભક્તિ અપરંપાર ।। ૩।। ૐ જય અનિરુદ્ધ પ્રભો

આસ કરો મેરી પૂરી, તુમ રહમ કે સાગર,
બાપુ તુમ રહમ કે સાગર,
તેરે પ્યાર સે છલકે, તેરે પ્યાર સે છલકે,
મન કી યે ગાગર ।। ૪ ।। ૐ જય અનિરુદ્ધ પ્રભો





Scanned with CamScanner





મૈં યાચક તુમ દાતા, દો નવવિધ ભક્તિ,
બાપુ દો નવવિધ ભક્તિ,
અતુલિત બલરામ દાતા, અતુલિત બલરામ દાતા,
દો મન કી શક્તિ ॥ ૫ ॥ ૐ જય અનિરુદ્ધ પ્રભો

પૂર્ણ સે લેકર પૂર્ણ ફિરભી, રહા પૂર્ણ હી શેષ,
બાપુ રહા પૂર્ણ હી શેષ,
પૂર્ણ પુરુષ વો તુમ હો, પૂર્ણ પુરુષ વો તુમ હો,
મેરે ગુરુ પરમેશ ॥ ૬ ॥ ૐ જય અનિરુદ્ધ પ્રભો

હરો ત્રિતાપ હમારે, દો સુખ કી છાયા,
બાપુ દો સુખ કી છાયા,
તુઝેહી તુઝસે માંગને, તુઝેહી તુઝસે માંગને,
તેરી શરણ આયા ॥ ૭ ॥ ૐ જય અનિરુદ્ધ પ્રભો

આરતી કરુ મૈં તેરી, ભાવ યહીં મનમેં,
બાપુ ભાવ યહીં મનમેં,
કહે યોગિન્દ્ર હે બાપુ, કહે યોગિન્દ્ર હે બાપુ,
રહુ તેરે ચરણોમેં, ॥ ૮॥ ૐ જય અનિરુદ્ધ પ્રભો



॥ હરિ ૐ ॥





સદ્ગુરુ ઉપાસના

# ચિદાનંદા ઉપાસના

કર્તા (લેખક) - શ્રી સમીર વૈદ્ય (સમીરદાદા)

Scanned with CamScanner





## ધ્યાનમંત્ર

પરાશક્તિઃ વ્યોમધારા શાંતા અનિરુદ્ધસમાશ્રયા ।
સર્વશક્તિમયી સિદ્ધા ચંદ્રકોટી સમપ્રભા ॥
અરુણવર્ણા મલાતીતા પર્ણેન્દુવદનપ્રભા ।
કમલાક્ષી કમલાલયા વરદાભયપાણિકા ॥
નાનાલંકાર ભૂષણા નંદા અનિરુદ્ધવલ્લભા ।
ત્રિપુરા ત્ર્યંબકા તુર્યા નંદાદેવ્યૈ નમામ્યહમ્ ॥

### જપ

॥ ૐ શ્રી આલ્હાદિન્યૈ નંદાયૈ સંધિન્યૈ નમો નમઃ ॥
જપ સંખ્યા - ૨૪, ૫૪, ૧૦૮





## નંદામાતા તારિણી સ્તોત્ર

તુ તાર નંદે આ બાળકને ॥ ધૃ ॥
સર્વત્ર દેખાય જીવાણુ અનેક,
વિષહારી વિષારી મને સમજાય ના,
કેમ કરી રહેવુ, ઘર મળેના ॥ ૧ ॥

સુધારવા જઇએ ભૂલ પહેલાની,
ઉમરેણી તેમાં નવીન ભૂલોની,
ભૂલતા ભૂલતા માર્ગ જ ભૂલ્યો ॥ ૨ ॥

જખમ કેટલા રે, હજી નથી ભરાયા
કેટલું રે તેનું મેં જતન કર્યું,
વેદના ન રહે સરકતી ક્ષણમાં ॥ ૩ ॥

તુ યોગમાયા પરમા અમિતા,
તુ ભદ્રકાલી રમા વત્સમાતા
તુ જ કરે ધારણ, ઇડા ને પિંગલા ॥ ૪ ॥



Scanned with CamScanner





સૂર્ય ચંદ્ર છે, તારા બંને નેત્ર
આભાળ  ધરે છે તારી ઉપર છત્ર,
નિરાધાર પૃથ્વીને કરે તુ સબળ ।। ૫ ।।

સુખના કાળમાં સાથ આપ્તજનોનો,
વેદનામાં મારી હું એકલો જ રહું,
હૃદયનું શલ્ય હું કહું કોને ।। ૬ ।।

તુ જ છે કમલા, કમલાક્ષી લલિતા,
તન મન ધનની તુ જ છે રક્ષિતા,
ભવિષ્યની કાળજી હું કરું શાને ।। ૭ ।।

બાળ હું તારો તારા ગુણ ગાઉ,
તારા સ્વરથી સદૈવ તૃપ્ત બનું,
આમ જ રહેવા દે, તારા ચરણોમાં ।। ૮ ।।





# વાત્સલ્ય કવચ

ૐ અસ્ય શ્રી નંદાદેવી સ્તોત્ર મંત્રસ્ય સમીર ઋષિઃ।
શુભદાયિની શ્રી નંદા દેવતા ગાયત્રી અનુષ્ટુપ છંદઃ।
ૐ હ્રીં । ઉં હ્રીં । ૐ શ્રીં । ૐ નમો નમઃ ।

અથ ધ્યાનમ્
ગૌરી ગૃહિણી લલિતા તારિણી પદ્મધારિણી ।
મંદહાસ્યા વિશાલાક્ષી લ્હાદિની વિંધ્યવાસિની ।।
રક્તાંગરાગવસનાભરણાં વિચિત્રાં
ધ્યાયેત્ સુકેશી મંગલકલશહસ્તાં
ક્ષેમકરી સિદ્ધિરુપા ત્રાયેત્ મમ જીવનં
સૌભાગ્યસુભગાકારા રક્ષ રક્ષ વિચારધનમ્
ધર્મશક્તિ ધર્મમયી રક્ષ રક્ષ પુણ્યસંગ્રહમ્
ગૃહ્યોપનિષદુત્તમાશુદ્ધા ત્રાયેત્ મમ ભવિષ્યમ્
તેજસ્વિની તાપહારી ત્રાયેત મમ પરિવારં ચ સુહૃદમ્





Scanned with CamScanner



ૐ કૃયારુપા કરુણારુપા કાર્યકારણરુપિણી
ૐ કાંચનાક્ષી કલ્મષઘ્ની તૃષ્ણાચ્છેદકરી તુલા
ૐ હ્રીં શ્રીં ક્લીં વદ વદ નંદિની સ્વાહા
ૐ હ્રીં ઐં વં વદ વદ સ્વરનંદા સ્વાહા
ૐ હ્રીં શ્રીં નમો મહારાજ્ઞી વદ વદ મહાશક્તિ:
સ્વાહા
ૐ નમો નંદાયૈ સર્વસિદ્ધિ પ્રદાયિન્યૈ
અભિરુપાયૈ સ્વાહા
ૐ નમો સુનંદાયૈ અતર્ક્યગતિપ્રદાયૈ મહાદારિદ્રય
નાશિન્યૈ સ્વાહા
ૐ નમો નિરાનંદાયૈ અનિરુદ્ધપૂજિતાયૈ
ભક્તરક્ષણતત્પરાયૈ સ્વાહા

ૐ નંદે સુનંદે નિરાનંદે પાહિ મામ્ પાહિ મામ્







॥ હરિ ૐ ॥



## શ્રી સાઈ સમર્થ પ્રાર્થના

**શ્રી સાઈ અને શ્રી સ્વામીદત્ત**
**પ્રતિકોની ઉપાસના**



Scanned with CamScanner



જપ

ૐ કૃપાસિંધુ શ્રી સાઇનાથાય નમઃ

ૐ અભયદાતા શ્રી સ્વામી સમર્થાય નમઃ

(શ્રી સદ્‌ગુરુસિદ્ધ તારક મંત્ર)

જપ સંખ્યા - ૨૪, ૩૬, ૫૪, ૧૦૮

(નિત્ય સ્મરણ)







## શ્રી સાઇબાબાના અગિયાર વચનો

જેનો પગ શિરડીમાં પડે,
અપાય તેના સર્વ ટળે ॥ ૧ ॥

મારી સમાધીની પાયરી ચઢે,
દુ:ખ તેના સર્વ ટળે ॥ ૨ ॥

ભલે ગયો હું છોડી શરીર,
તો પણ હું દોડીશ ભક્તો માટે ॥ ૩ ॥

બાધા મારી ફળે મારી સમાધિમાં,
ધરે દ્રઢ બુદ્ધિ મારા ચરણે ॥ ૪ ॥

નિત્ય હું જીવંત, જાણો એ જ સત્ય,
નિત્ય લો પ્રચીતિ અનુભવે ॥ ૫ ॥

શરણ મુજ આવ્યો અને વ્યર્થ ગયો,
દેખાડો દેખાડો એવો કોઇ ॥ ૬ ॥



Scanned with CamScanner





જે જે મને ભજે, જેવા જેવા ભાવે,
તેવો તેવો પામુ હું પણ તેને ॥ ૭ ॥

તમારો ભાર હું વહીશ સદા,
ન થાય અન્યથા વચન મ્હારુ ॥ ૮ ॥

જાણો અહીં છે સહાય સર્વને,
માગે જે જે તેને તે તે મળે ॥ ૯ ॥

કાયા વાચા મને જે મારો થયો,
તેનો હું ઋણી સર્વકાળ ॥ ૧૦ ॥

સાઈ કહે તે તે બન્યા ધન્ય,
જે અનન્ય મ્હારો બન્યો ॥ ૧૧ ॥

"સદ્‌ગુરુ શ્રી સાઈનાથ મહારાજ કી જય"







## ॥ શ્રીપઞ્ચમુખહનુમત્કવચમ ॥

શ્રી ગણેશાય નમઃ । ૐ અસ્ય શ્રીપંચમુખ હનુમત્કવચમંત્રસ્ય બ્રહ્મા ઋષિઃ । ગાયત્રી છંદઃ । પઞ્ચમુખ વિરાટ હનુમાન દેવતા । હ્રીં બીજમ્ । શ્રીં શક્તિઃ । ક્રૌં કીલકમ્ । ક્રૂં કવચમ્ । ક્રૈં અસ્ત્રાય ફટ્ । ઇતિ દિગ્બંધઃ । શ્રી ગરુડ ઉવાચ ॥ અથ ધ્યાનં પ્રવક્ષ્યામિ । શ્રુણુ સર્વાંગસુંદર । યત્કૃતં દેવદેવેન ધ્યાનં હનુમતઃ પ્રિયમ્ ॥૧॥ પઞ્ચવક્ત્રં મહાભીમં ત્રિપઞ્ચનયનૈર્યુતમ્ । બાહુભિર્દશભિર્યુક્તં સર્વકામાર્થસિદ્ધિદમ્ ॥૨॥ પૂર્વતુ વાનરં વક્ત્રં કોટિસૂર્યસમપ્રભમ્ । દંષ્ટ્રાકરાલવદનં ભ્રુકુટીકુટીલેક્ષણમ્ ॥૩॥ અસ્યૈવ દક્ષિણં વક્ત્રં નારસિંહં મહાદ્ભુતમ્ ।



Scanned with CamScanner



અત્યુગ્રતેજોવપુષ્પંભીષણમ્ ભયનાશનમ્ ॥ ૪ ॥ પશ્ચિમં ગારુડં વક્ત્રં વક્રતુણ્ડં મહાબલમ્। સર્વનાગપ્રશમનં વિષભૂતાદિકૃન્તનમ્ ॥ ૫ ॥ ઉત્તરં સૌકરં વક્ત્રં કૃષ્ણં દિસં નભોપમમ્ । પાતાલસિંહવેતાલજ્વરરોગાદિકૃન્તનમ્ ॥ ૬ ॥ ઊર્ધ્વં હયાનનં ઘોરં દાનવાન્તકરં પરમ્ । યેન વક્ત્રેણ વિપ્રેન્દ્ર તારકાખ્યં મહાસુરમ્ ॥ ૭ ॥ જઘાનશરણં તસ્યાત્સર્વશત્રુહરં પરમ્ । ધ્યાત્વા પઞ્ચમુખં રુદ્રં હનુમન્તં દયાનિધિમ્ ॥ ૮ ॥ ખડ્ગં ત્રિશુલં ખટ્વાંગં પાશમઙ્કુશપર્વતમ્ । મુષ્ટીં કૌમોદકીં વૃક્ષં ધારયન્તં કમણ્ડલુમ્ ॥ ૯ ॥ ભિન્દિપાલં જ્ઞાનમુદ્રા દશભિર્મુનિપુઙ્ગવમ્ । એતાન્યાયુધજાલાનિ ધારયન્તં ભજામ્યહમ્ ॥ ૧૦ ॥







પ્રેતાસનોપવિષ્ટં તં સર્વાભરણભૂષિતમ્ દિવ્યમાલ્યામ્બરધરં દિવ્યગન્ધાનુ લેપનમ્ સર્વાશ્ચર્યમયં દેવં હનુમદ્વિશ્વતોમુખમ્ ॥ ૧૧॥ પઞ્ચાસ્યમચ્યુતમનેકવિચિત્રવર્ણવક્ત્રં શશાંકશિખરં કપિરાજવર્યમ્ । પીતામ્બરાદિમુકુટૈ રુપ શોભિતાંગં પિંગાક્ષમાદ્યમનિશં મનસા સ્મરામિ ॥ ૧૨॥ મર્કટેશં મહોત્સાહં સર્વશત્રુહરં પરમ્ । શત્રું સંહર માં રક્ષ શ્રી મન્નાપદમુદ્ધર ॥૧૩॥ ૐ હરિમર્કટ મર્કટ મંત્રમિદં પરિલિખ્યતિ લિખ્યતિ વામતલે । યદિ નશ્યતિ નશ્યતિ શત્રુકુલં યદિ મુઞ્ચતિ મુઞ્ચતિ વામલતા ॥૧૪॥



Scanned with CamScanner





ૐ હરિમર્કટાય સ્વાહા ૐ નમો ભગવતે પંચ્ચવદનાય પૂર્વકપિમુખાય સકલશત્રુસંહારકાય સ્વાહા । ૐ નમો ભગવતે પંચ્ચવદનાય દક્ષિણમુખાય કરાલવદનાય નરસિંહાય સકલભૂતપ્રમથનાય સ્વાહા । ૐ નમો ભગવતે પંચ્ચવદનાય પશ્ચિમમુખાય ગરુડાનનાય સકલવિષહરાય સ્વાહા। ૐ નમો ભગવતે પંચ્ચવદનાયોત્તરમુખાય આદિવરાહાય સકલસંપત્કરાય સ્વાહા । ૐ નમો ભગવતે પંચ્ચવદનાયોર્ધ્વમુખાય હયગ્રીવાય સકલજનવશકરાય સ્વાહા ।

॥ ૐ શ્રીપંચ્ચમુખહનુમંતાય આંજનેયાય નમો નમઃ ॥



## ॥ ઘોરકષ્ટોદ્ધરણસ્તોત્રમ્ ॥





શ્રીપાદશ્રીવલ્લભ ત્વં સદૈવ । શ્રી દત્તાસ્માન્પાહિ
દેવાધિદેવ ॥ ભાવગ્રાહ્ય ક્લેશહારિન્સુકીર્તે ।
ઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૧॥

ત્વં નો માતા ત્વં પિતાપ્તોધિપસ્ત્વં । ત્રાતા
યોગક્ષેમકૃત્સદ્ગુરુસ્ત્વમ્ ॥ ત્વં સર્વસ્વં
નોઽપ્રભો વિશ્વમૂર્તે ।
ઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૨॥

પાપં તાપં વ્યાધિમાધિં ચ દૈન્યં । ભીતિં ક્લેશં ત્વં
હરાઽશુ ત્વદન્યમ્ ॥ ત્રાતારં નો વીક્ષ ઈશાસ્તજૂર્તે ।
ઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૩॥

નાન્યસ્ત્રાતા નાઽપિ દાતા ન ભર્તા । ત્વત્તો દેવ
ત્વં શરણ્યોઽકહર્તા ॥ કુર્વાત્રેયાનુગ્રહં પૂર્ણરાતે ।
ઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૪॥



Scanned with CamScanner



ધર્મે પ્રીતિં સન્મતિં દેવભક્તિમ્ । સત્સંગાપ્તિં દેહિ
ભુક્તિં ચ મુક્તિં ॥ ભાવાસક્તિં ચાખિલાનન્દમુર્તે ।
ઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૫॥

શ્લોકપંચકમેતદ્યો લોકમંગલવર્ધનમ્ ॥
પ્રપઠેન્નિયતો ભક્ત્યા
સ શ્રી દત્તપ્રિયો ભવેત્ ॥૬॥

॥ ઇતિ શ્રીમદ્વાસુદેવાનંદસરસ્વતી સ્વામિવિરચિતં
ઘોરકષ્ટોદ્ધરણસ્તોત્રં સંપૂર્ણમ્ ॥

( ૩ વાર)

ગજર (ધૂન)
॥ જય જય રામ કૃષ્ણ હરિ ॥



# આરતી



ૐ સાઈ શ્રી સાઈ જય જય સાઈરામ,
દેવા જય જય સાઈરામ ।
સુખદાઇ છે નામ તમારુ,
શામળા ઘનશ્યામ ॥ ૧ ॥

સંકટનાશક પીડાહારક નામ તમારુ સાઈ,
દેવા નામ તમારુ સાઈ ।
દાસ ભક્તોનું રક્ષણ કરવું
કાજ તમારુ સાઈ ॥ ૨ ॥
ૐ સાઈ ૐ સાઈ ...

હું ન જાણુ જપ તપ યાગ, સર્વસ્વ મારો સાઈ,
દેવા સર્વસ્વ મારો સાઈ ।
ચિંતા ભયનો નાશ કરશે,
રખવાળો શ્રી સાઈ ॥ ૩ ॥
ૐ સાઈ ૐ સાઈ ...





Scanned with CamScanner



પથ ભૂલ્યાને માર્ગ બતાવે દયાવાન ગુરુ સાઈ,
દેવા દયાવાન ગુરુ સાઈ ।
જે જે પથ પર ભક્ત સાઈનો,
ત્યાં ઉભો છે સાઈ ॥ ૪ ॥
ૐ સાઈ ૐ સાઈ ...

ૐ સાઈ શ્રી સાઈ જય જય સાઈરામ,
દેવા જય જય સાઈરામ ।
સુખદાયી છે નામ તમારુ,
શામળા ઘનશ્યામ ...
ૐ સાઈ ૐ સાઈ ...

દર ગુરૂવારે સાંજે ૭ વાગે
**સદ્‌ગુરુ શ્રી અનિરુદ્ધ (બાપુ)નું પ્રવચન**
ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ,
ગર્વન્મેંટ કોલોની, ખેરવાડી પોલીસ સ્ટેશન સામે,
વાંદ્રા(પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૫૧.





Scanned with CamScanner